સત્યમેવ જયતે

**આંક–**
દાખલ તારીખ–૦૩/૦૬/૨૦૨૬
રજી. તારીખ – ૦૩/૦૬/૨૦૨૬
ફેસલ તારીખ –૧૮/૦૭/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– ૦૧ ૧૫

---

# દાહોદ જીલ્લાની બીજી એડિશ્નલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, મુ.લીમખેડા, જી.દાહોદ.

---

**ક્રિમિનલ અપીલ નં.૧૬/૨૦૨૬**

ફારમભાઈ ભેમાભાઈ પટેલ
ઉ.વ.પુખ્ત, ધંધો–ડ્રાઈવીંગ,
રહે.ફુલપુરા, પો.સેવનીયા, હે.નિશાળ ફળીયા,
તા.દે.બારીયા, જી.દાહોદ.

**....એપેલન્ટ/મુળ આરોપી**

**વિરુદ્ધ**

(૧) શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની વતી
પાવર ઓફ એટર્ની ગૌરવ સતિષકુમાર કડીયા
ઉ.વ.૪૮, ધંધો–લીગલ એડવાઈઝર,
રહે.સમડી સર્કલ પાસે, મું.પો.દે.બારીઆ, જી.દાહોદ.

(૨) શ્રી સરકાર, ગાંધીનગર.

**......રીસ્પોડન્ટ/મુળ ફરિયાદી**

**બાબત – નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના હુકમ સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૧૫ મુજબ અપીલ.**

---

અરજદાર/આરોપી તર્ફે – વિ.વકીલશ્રી એન.કે.રાઠવા

સામાવાળા નં.૧ તર્ફે – વિ.વ.શ્રી ડી.એચ.બારીયા

સામાવાળા નં.૨ સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી

---

## – ચુ કા દો –

(૧) દે.બારીયાના વિ. જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીએ ક્રિમિનલ કેસ નં.૧૪૪૫/૨૦૨૨ ના કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તા.૦૫/૦૫/૨૦૨૬ ના રોજ આંક–૩૮ થી હુકમ જાહેર કરી હાલના એપેલન્ટ(મુળ આરોપીને) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬ (છ) માસની સાદી કેદની સજા અને ચેકની રકમ એટલે કે રુ.૨,૩૦,૦૦૦/–(અંકે રુપીયા બે લાખ ત્રીસ હજાર પુરા) વળતર પેટે ફરિયાદીને ચુકવી આપવા હુકમ કરેલ તે હુક્મથી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) અપીલના કામે પક્ષકારો વચ્ચે સ્વૈચ્છીક સમાધાન થતા આંક–૧૦ થી સમાધાન પુરસીસ રજુ કરી પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોય અને સમાધાન મુજબની ચેકની પુરેપુરી રકમ મળી ગયેલ હોય હવે કોઈપણ રકમની લેવડદેવડ બાકી રહેતી નથી તેવું બન્ને પક્ષકારોએ તેઓની સહીથી જાહેર કરેલ છે. બન્ને પક્ષકારો વચ્ચે ક્રિમીનલ કેસ અંગે તકરાર રહેલ નથી. પક્ષકારોએ સમાધાન સ્વૈચ્છીક હોવાનું જાહેર કરેલ છે.

(૩) નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના મેસર્સ મીટર્સ એન્ડ ઈન્સ્ટુમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ અને બીજાઓ વિરુદ્ધ કંચન મહેતાના કેસમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, પછીના તબક્કે પક્ષકારો વચ્ચે સમાધાન

કરવામાં આવે તો પણ તે ગ્રાહ્ય રાખવા પાત્ર છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના દામોદર પ્રભુ વિરુદ્ધ સૈયદ બાબાલાલના ચુકાદામાં ચેકની રકમ પેટે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સમક્ષ જમા કરાવવા સંબંધેની જે માર્ગદર્શીકાઓ નક્કી કરવામાં આવેલી છે તેમાં છુટછાટ આપવા માટે જે તે કોર્ટને વિવેકબુદ્ધિની સત્તા આપવામાં આવી છે. આમ, આ સંબંધેની નક્કી કરેલી માર્ગદર્શિકાઓમાં છુટછાટ આપવાનું આ અદાલતની વિવેકબુદ્ધિની સત્તાને આધીન છે. વિવાદી તર્ફે આંક-૧૦ થી પુરસીસ આપી બન્ને પક્ષકારો વચ્ચે ચેકની પુરેપુરી રકમમાં સમાધાન કરેલાનું જાહેર કરેલ છે. વિવાદી ટ્રાયલ અદાલતમાં હાજર રહેતા ના હોય તેમની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી ટ્રાયલ કોર્ટ સમક્ષ સરન્ડર થતા કસ્ટડીમાં લેવામાં આવેલ. ત્યારબાદ અત્રેની અદાલત દ્વારા અપીલ ચાલતા સમયના જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે. પક્ષકારો વચ્ચે જે રીતે સ્વૈચ્છીક સમાધાન થયેલ છે તે સંજોગોમાં તેમજ આંક-૧૦ ની પુરસીસમાં જણાવેલ વિગતોને લક્ષમાં લઈ સમાધાન પુરસીસ ગ્રાહ્ય રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**- હુકમ -**

(૧) હાલની વિવાદ અરજી સમાધાનની રુએ ફેંસલ કરવામાં આવે છે.

(૨) વિવાદી(મુળ આરોપી) ફારમભાઈ ભેમાભાઈ પટેલ, રહે.કુલપુરા, પો.સેવનીયા, હે.નિશાળ ફળીયા, તા.દે.બારીયા, જી.દાહોદનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૫(૨) ની સાથે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) દે.બારીયાના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટના ફોજદારી કેસ નં.૧૪૪૫/૨૦૨૨ ના કામે વિવાદીને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ

એકટની કલમ–૧૩૮ ના ગુનામાં કરેલ સજા તથા દંડના તા.૦૫/૦૫/૨૦૨૬ ના રોજનો હુકમ આથી રદ કરવામાં આવે છે.

(૪) વિવાદી/આરોપીએ આ અદાલત સમક્ષ અથવા તો વિ.ટ્રાયલ અદાલત સમક્ષ દંડ અથવા તો વળતરની રકમ જમા કરાવી હોય તો તે વ્યાજ સહિત નિયમોનુસાર તેમને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) વિવાદી(મુળ આરોપી)જામીન ઉપર મુક્ત હોય તેઓના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.

(૬) આ હુકમની એક નકલ સાથે વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ ટ્રાયલ કોર્ટને તાત્કાલીક પરત મોકલી આપવું.

હુકમ આજ તા.૧૮મી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ સ્પે. લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૭/૨૦૨૬
સ્થળ – લીમખેડા

(મિનાક્ષી મહેશ સોની)
બીજા એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૭૪૦

આર.બી.સોલંકી